રાજ્ય સરકાર હેઠળની, પંચાયત સેવા હેઠળની અને બોર્ડ-કોર્પોરેશન હેઠળની દિવ્યાંગ વ્યક્તિઓની સીધી ભરતીમાં અનામતની જગાઓની ઘટ ખાસ ભરતી ઝુંબેશથી (Special Recruitment Drive) ભરવા બાબત

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંક: સીઆરઆર-૧૦૨૦૧૭-૧૨૨૬૩૯-ગ.૨(ભાગ.૧)
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૧/૧૧/૨૦૨૪

વંચાણે લીધેલ:

૧. The Persons with Disabilities (Equal Opportunities, Protection of Rights and Full Participation) Act, 1995
૨. The Rights of Persons with Disabilities Act, 2016
3. સા.વ.વિના તા.૧૯-૦૨-૨000ના જાહેરનામા ક્ર: GS/2000/4/CRR/1094-1654-G.2
૪. સા.વ.વિનો તા.૦૫-૦૯-૨000નો ઠરાવ ક્ર: પવસ-૧૬૯૬-૮૭૮-ભાગ.૨-ગ.૪
૫. સા.વ.વિનો તા.૧૫-૧૨-૨૦૦૧નો પરિપત્ર ક્ર: સીઆરઆર-૧૦૨000-જીઓઆઈ-૭-ગ.૨,ભાગ.૧
૬. સા.વ.વિનો તા.૧૭-૦૯-૨૦૨૧નો ઠરાવ ક્ર:સીઆરઆર-૧૦૨૦૧૭-૧૨૨૬૩૯-ગ.૨
૭. નામ.સર્વોચ્ચ અદાલતનો સી.એ.૯૦૯૬-૨૦૧૩માં તા.૦૮-૧૦-૨૦૧૩નો ચુકાદો
૮. D.O.P.T નો તા.૨૫-૦૫-૨૦૧૫નો કાર્યાલય આદેશ ક્ર: 36012/39/2014-Estt (Res)
૯. WPIL 46-2023માં નામ. વડી અદાલતના તા.૧૩-03-૨૪, ૦૨-૦૮-૨૪ અને ૦૪-૧૦-૨૪ના ઓરલ ઓર્ડર

આમુખ:

ભારત સરકારના વંચાણે લીધેલ ક્રમ (૧)થી The Persons with Disabilities (Equal Opportunities, Protection of Rights and Full Participation) Act, 1995ની કલમ ૩૨ થી ૩૪ અને વંચાણે લીધેલ ક્રમ (૨)થી Rights of Persons with Disabilities Act, 2016ની કલમ 33-૩૪ અને આનુષાંગિક જોગવાઈઓથી દિવ્યાંગ વ્યક્તિઓ માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોની જાહેર સેવાઓમાં અનામતની જોગવાઈઓ કરવામાં આવેલ છે. જે અન્વયે વંચાણે લીધેલ ક્રમ (3) થી (૬)ની સરકારની વખતોવખતની સૂચનાઓથી રાજ્ય સરકાર હેઠળની, પંચાયત સેવા

હેઠળની અને બોર્ડ/કોર્પોરેશન હેઠળની સીધી ભરતીની જગાઓમાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે અનામત નિયત કરવામાં આવેલી છે.

૨. વંચાણે લીધેલ ક્ર(૭)થી નામ.સર્વોચ્ચ અદાલતે સી.એ ક્ર: ૯૦૯૬-૨૦૧૩માં તા.૦૮-૧૦-૨૦૧૩ના રોજ ચુકાદો આપેલ હતો. જે અન્વયે ભારત સરકાર દ્વારા વંચાણે લીધેલ ક્ર: ૮ ના કાર્યાલય આદેશથી નામ.સર્વોચ્ચ અદાલતને રજુ થયેલ દિવ્યાંગ વ્યક્તિઓની અનામતની ઘટની જગાઓ નિયત સમયમર્યાદામાં ભરવા ખાસ ભરતી ઝુંબેશ યોજવા માટેની સૂચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી.

National Federation of the Blind દ્વારા નામ. વડી અદાલત ખાતે જાહેર હિતની અરજી ક્ર:૪૬-૨023 દાખલ કરી, નામ.સર્વોચ્ચ અદાલતના સી.એ ૯૦૯૬-૨૦૧૩માં તા.૦૮-૧૦-૨૦૧૩ના ચુકાદાનું રાજ્ય સરકારની જાહેર સેવાઓમાં પાલન કરવા દાદ માંગેલ છે. જેની સુનાવણી દરમિયાન નામ.વડી અદાલતે તા.૧૩-03-૨૪ અને તા.૦૨-૦૮-૨૪ના ઓરલ ઓર્ડરથી નામ.સર્વોચ્ચ અદાલતના સી.એ ૯૦૯૬-૨૦૧૩માં તા.૦૮-૧૦-૨૦૧૩ના ચુકાદાનું પાલન કરવા અને તા. ૦૪-૧૦-૨૪ના ઓરલ ઓર્ડરથી ભારત સરકાર દ્વારા વંચાણે લીધેલ ક્ર:૮ના કાર્યાલય આદેશ મુજબ દિવ્યાંગ વ્યક્તિઓની અનામતની જગાઓની ઘટ ભરવાના હુકમો કરવામાં આવેલ છે.

3. રાજ્ય સરકારના વંચાણે લીધેલ ક્રમ: (3)ના જાહેરનામાથી જાહેર સેવાઓમાં 3% અને તે પૈકી દિવ્યાંગ કેટેગેરી(VH, HH, OH) દીઠ ૧%ના ધોરણે અનામતની જોગવાઈ કરવામાં આવેલ છે. તે જ રીતે વંચાણે લીધેલ ક્રમ :(૬)ના ઠરાવથી જાહેર સેવાઓમાં ૪% અને તે પૈકી દિવ્યાંગ કેટેગેરી (VH, HH, OH, ASD/SLD, Multiple Disabilities) દીઠ ૧%ના ધોરણે અનામતની જોગવાઈ કરવામાં આવેલ છે. નામ.વડી અદાલતે તે સંબંધે ઉક્ત કાયદાઓ અમલમાં આવ્યા તારીખથી એટલે કે તા.૦૭-૦૨-૧૯૯૬થી તા.૧૯-૦૨-૨000 દરમિયાન 3% અને તા.૧૫-૦૪-૨૦૧૭ થી ૧૭-૦૯-૨૦૨૧ દરમિયાન ૪%ની જોગવાઈઓ મુજબની નીતિ અનુસારની અમલવારી કરવાની થાય છે, તે મુજબના આદેશો આપેલ છે. આથી, દિવ્યાંગ વ્યક્તિઓનું યોગ્ય પ્રતિનિધિત્વ જળવાય તે સુનિશ્ચિત કરવા જેના અનુસંધાને દિવ્યાંગ વ્યક્તિઓની સીધી ભરતીમાં અનામત ઘટની જગાઓ ખાસ ભરતી ઝુંબેશથી ભરવા સૂચનાઓ પ્રસિદ્ધ કરવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે દિવ્યાંગ વ્યક્તિઓની સીધી ભરતીની ઘટની જગાઓ ભરવા નીચે મુજબની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે.

## પરિપત્ર

૧. આ સૂચનાઓ પ્રસિદ્ધ થયેથી દિવ્યાંગ વ્યક્તિઓની સીધી ભરતીમાં અનામત જગાઓની ઘટની ગણતરી કરી, તે જગાઓ ખાસ ભરતી ઝુંબેશ યોજી, ભરવા માટે કાર્યવાહી હાથ ધરવાની સૂચના આપવામાં આવે છે.

૨. દિવ્યાંગ અનામતની ઘટની ગણતરીની પદ્ધતિ:

સામાજીક ન્યાય અને અધિકારીતા દ્વારા નિયત કરેલ આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબ ઘટની ગણતરી કરવાની રહેશે. વધુમાં, ભરતી સંસ્થા ખાતે પડતર માંગણાપત્રકોમાં સમાવિષ્ટ દિવ્યાંગ અનામતની જગાઓ તેમજ ખાસ ભરતી ઝુંબેશ હેઠળની માંગણાપત્રકોની દિવ્યાંગ અનામતની જગાઓ બેવડાય નહી તે જોવાનું રહેશે.

૩. દરેક વિભાગ, તાબાના નિમણૂક સત્તાધિકારી તેમજ સંબંધિત ભરતી સંસ્થાએ આ ખાસ ભરતી ઝુંબેશ માટે નીચે મુજબના સમયપત્રકનું પાલન કરવાનું રહેશે.

| અનુક્રમ | કાર્યવાહી | સમયમર્યાદાની તારીખ |
|---|---|---|
| ૧. | વિભાગો દ્વારા તેમની તેમજ તેમના તાબાના નિમણૂક સત્તાધિકારીઓને ખાસ ભરતી ઝુંબેશ યોજવાની સૂચનાઓ આપવી | ૦૧-૧૨-૨૦૨૪ સુધીમાં |
| ૨. | વિભાગ તેમજ તેના તાબાના નિમણૂક સત્તાધિકારી દ્વારા જે-તે ભરતી સંસ્થાને માંગણાપત્રક મોકલી આપવા | ૩૧-૧૨-૨૦૨૪ સુધીમાં |
| ૩. | ભરતી સંસ્થા દ્વારા જાહેરાત પ્રસિદ્ધ કરવી | ૨૮-૦૨-૨૦૨૫ સુધીમાં |
| ૪. | જાહેરાત અન્વયે અરજીઓ સ્વીકારવી | ૩૦-૦૪-૨૦૨૫ સુધીમાં |
| ૫. | ભરતી અન્વયે પરીક્ષા (લેખિત+મૌખિક) પૂર્ણ કરવી | ૩૧-૦૮-૨૦૨૫ સુધીમાં |
| ૬. | જે-તે વિભાગ/નિમણૂક સત્તાધિકારીને પસંદગી યાદી મોકલી આપવી | ૩૦-૧૧-૨૦૨૫ સુધીમાં |
| ૭. | પસંદગી યાદી અન્વયે નિમણૂક પત્ર આપવા | ૩૧-૧૨-૨૦૨૫ સુધીમાં |

આ ખાસ ભરતી ઝુંબેશની કામગીરી પૂર્ણ થતાં દરેક વિભાગ/કચરીએ પૂર્તતા અહેવાલ યોગ્ય રાહે સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગને મોકલી આપવાનો રહેશે. સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગે આ માહિતી સામાન્ય વહીવટ વિભાગ મારફતે સરકારશ્રીને રજુ કરવાની રહેશે.

૪. આ પરિપત્ર રાજ્ય સેવા/પંચાયત સેવા ઉપરાંત રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ/કોર્પોરેશન/જાહેર સાહસો, વૈધાનિક સંસ્થાઓ, શાળાઓ, મહાશાળાઓ અને વિશ્વવિદ્યાલયો, તેમજ સરકાર પાસેથી ગ્રાન્ટ/લોન/આર્થિક સહાય મેળવતી તમામ સંસ્થાઓ, સહકારી સંસ્થાઓ,

મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓની સેવાઓને પણ લાગુ પડશે. તેમણે આ સૂચનાઓનું યુસ્તપણે પાલન કરવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિપલ હડીયલ)
નાયબ સચિવ (ક.ગ)
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત રાજ્ય માહિતી આયોગ, ગાંધીનગર.

- અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્રસચિવશ્રી/સચિવશ્રી - સચિવાલયના તમામ વિભાગો. **(જરૂરી કાર્યવાહી કરવા તેમજ તેમના તાબાના ખાતાના વડાઓ/કચેરીના વડાઓને યોગ્ય સુચના આપવાની વિનંતી સહ.)**
- સામાન્ય વહીવટ વિભાગની તમામ શાખાઓ/ અધિકારીઓ

* પત્ર દ્વારા

## પરિશિષ્ટ

વિભાગનુ નામ:

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | | | | ૭ | | | | ૮ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | સંવર્ગનુ નામ | વર્ગ | સંવર્ગની સીધી ભરતીની કેડર સ્ટ્રેંથ | સંવર્ગની સીધી ભરતીની ભરાયેલ જગા | કોલમ-(૫)માં દર્શાવેલ આઇડેન્ટીફાઇડ ભરાયેલ જગા પૈકી ૪% મુજબ દિવ્યાંગને ફાળે આવતી જગ્યા | | | | કોલમ-(૬) પૈકી દિવ્યાંગથી ભરાયેલ જગ્યા | | | | કોલમ-(૬) - કોલમ-(૭) = ભરવાપાત્ર ઘટ | | | |
| | | | | | A | B | C | D&E | A | B | C | D&E | A | B | C | D&E |
| કચેરીનુ નામ: | | | | | | | | | | | | | | | | |
| ૧ | | | | | | | | | | | | | | | | |
| ૨ | | | | | | | | | | | | | | | | |
| કુલ | | | | | | | | | | | | | | | | |

** ઉક્ત માહિતી Governemnt, Grant in Aid & Others ની અલગ-અલગ મોકલી આપવી.